સપ્ટેમ્બર-ઓક્ટોબર, 2021
વર્ષ-13 • અંક-5
સળંગ અંક : 82
કુલ પાનાં : 36+4
કિંમત ₹ 20

ISSN 2250-1517

# આદિલોક

આદિવાસી અસ્મિતા, અખંડિતતા અને અધિકારને સમર્પિત સામયિક



## ડોસવાડાનો ઝીંક પ્રોજેક્ટ અને આદિવાસી પ્રતિરોધ

આદિવાસી કન્યાઓ બોલે છે | એરિઝોનાના અમેરિકન આદિવાસીની કેફિયત | સ્ત્રીને ડાકણ ઠેરવી મારી નાખતી માનસિકતા

11
27.9.21

આદિલોક
સપ્ટેમ્બર - ઓક્ટોબર 2021
વર્ષ-13, અંક-5

# આ અંકમાં







**આદિવાસી કન્યાઓ બોલે છે** 08
- સંપાદનઃ ડૉ. જયશ્રી ચૌધરી

**આદિવાસી મહિલા અને રાજકીય નેતૃત્વ** 21
- જેરમાબેન વસાવા



**હું આદિવાસી છું** 12
એરિઝોનાના અમેરિકન આદિવાસીની કેફિયત
- સિલ્વિયા મેન્ડિવીલ સલાઝાર
અનુ. ડો. વિનાયક જાદવ



**દિવ્યાંગ આદિવાસી ક્રિકેટરની અવદશા** 22
- અંકિત ગામીત



**સ્ત્રીને ડાકણ ઠેરવી મારી નાખતી માનસિકતા** 14
- ચંદુ મહેરિયા

**તું તો હાંભળ રે બારિયાના રાજા** 23
આદિવાસી લોકગીત
- વિજય નિનામા




**આદિવાસી વિસ્તારોમાં શ્વેતક્રાંતિ** 16
- ડૉ. દિલીપ શાહ



**મોઝદા, કોકમ અને ડુમખલ** 24
રમણીય આદિવાસી પ્રદેશો
- મથુર વસાવા



**આંબલિયો ડુંગર** 19
ચૌધરીઓની આસ્થાનું પ્રતીક
- ડૉ. કિશોર ચૌધરી




**વ્યારા પ્રદેશની ચૌધરી જનજાતિ** 26
- પ્રિતેશ ચૌધરી

**કાચ ખબર :** વિશ્વ આદિવાસી દિનની વિવિધ ઉજવણીઓ 28

આદિલોકની ક્ષેત્રીય મિટિંગ - આદિલોક વ્યવસ્થાપન 36

Registered under RNI No. Guj Guj/2006/25490 "Permitted to PSO at Ahmedabad Published & Post on 10th of Every Month under Postal Reg. No. GAMC-1565/2019-2021 Issued by SSP Abd Valid upto 31-12-2021. ISSN 0971-6629.

પ્રકાશિત દર માસની ૧૦ તારીખે

UGC APPROVAL NO. : 64727
ISSN 0971-6629

- જો આપણે બીજા પક્ષને સાંભળવા તૈયાર જ ન હોઈએ તો લોકશાહીની ઉત્ક્રાંતિ શક્ય નથી.
- તમે મને બેડીઓમાં બાંધી શકો છો, તમે મારી સતામણી કરી શકો છો, અરે, તમે મારા શરીરનો નાશ કરી શકો છો, પણ તમે કદી મારા દિમાગને કેદ નહિ કરી શકો.
- સ્વતંત્રતા કદી પણ કોઈ પણ કિંમતે મોંઘી હોઈ શકે નહિ. એ તો જિંદગીનો શ્વાસ છે. કોઈ મનુષ્ય જીવવા માટે શું ના આપી શકે ?
- સાચી લોકશાહી કેન્દ્રમાં બેઠેલા વીસ જણાથી ચાલી શકે નહિ. એ તો છેક નીચેથી, દરેક ગામના લોકો દ્વારા ચાલવી જોઈએ
- જ્યારે રાજ્ય કાયદાહીન કે ભ્રષ્ટ બને ત્યારે અસહકાર એક પવિત્ર ફરજ બની જાય છે.

– સંકલન : હેમંતકુમાર શાહ (ગાંધી બોલે છે)

છૂટક નકલની કિંમત : રૂ. ૧૦/-

# અભિદૃષ્ટિ

અંક : ૧૬૪ વર્ષ : ૧૫ ઑક્ટોબર ૨૦૨૧

## નિશાળો, કૉલેજો અને યુનિવર્સિટીઓ : અભિગમની સંતાકૂકડી

રોહિત શુક્લ

સંપાદક, અભિદૃષ્ટિ

૨૦૧૯ના ડિસેમ્બરથી કોવિડની મહામારીનો પ્રારંભ થયો. ૨૦૨૦ અને ૨૦૨૧ની લગભગ ઑગસ્ટ મહિના સુધી શિક્ષણ સંસ્થાઓને કેવી રીતે કામ કરતી રાખવી તે અંગે વારંવાર ઉતાર-ચઢાવ આવતા રહ્યા. ક્યાંક કોઈક શિક્ષક કે આચાર્યે વર્ગો બંધ રાખવાના હુકમ છતાં શરૂ કર્યા કે પરીક્ષાઓ લીધી તો તેવી વ્યક્તિઓ સામે કારવાઈ કરાઈ.

આ ગાળાનો મોટા ભાગનો સમય ઑનલાઈન ભણવા કે ભણાવવામાં વીત્યો. ઓનલાઈન શિક્ષણની ત્રુટિઓ વિશે 'અભિદૃષ્ટિ'માં અગાઉ ચર્ચા થઈ ચૂકી છે તેથી તેને દોહરાવવાની જરૂર નથી. પરંતુ મુખ્ય ત્રુટિ કે જેની તરફ ખાસ ધ્યાન નથી ખેંચાયું, તે સરકારની બેદરકારીની છે. આદિવાસી વિસ્તારોમાં સિગ્નલ ન પહોંચે અને છોકરાં ઝાડ ઉપર ચડીને ભણે તેમાં બિચારી સરકારનો શો દોષ ? ફોન કંપનીઓ તો ખાનગી 'ટ્રાવેલ્સ' જેવી - જ્યાં ટ્રાફિક મળે ત્યાં લક્ઝરી કોચ મૂકે અને જ્યાં ટ્રાફિક ન હોય ત્યાં દમણિયું પણ ના દોડાવે.

સરકારે તો બીએસએનએલને ધીમું ઝેર આપ્યું જ છે. ખખડપંચમ જેવી સરકારી એસ.ટી. બસો ગામડાં સુધી દોડે પણ સિગ્નલનાં ટાવર કોણ નાંખે ? આ બધું જાણવા છતાં સરકારે શિક્ષણ આપ્યું ! આમેય તે ગુણોત્સવો થતાં તેનાં પરિણામો કેટલાં અંધકારમય હતાં તે જાણવા દીવો પેટાવવાની ક્યાં જરૂર છે !

આ સમય દરમિયાન મધ્યાહ્ન ભોજનની વ્યવસ્થા ખોરવાઈ ગઈ. આમેય તે બાળકો ભૂખે રહેવા ટેવાઈ ચૂક્યાં હતાં - થોડોક સમય ખાવા ન મળ્યું તેમાં કોનો વાંક ?

હવે ત્રીજું મોજું આવશે કે નહીં અને બીજું ર. યમશે કે નહીં તેની ચર્ચા જામી છે. વડાપ્રધાનશ્રીના જન્મદિન નિમિત્તે બે કરોડ લોકોનું ટીકાકરણ થયું. દેશની વસતી ૧૪૦ કરોડની આસપાસની છે. બસ, ઈશ્વર કરે ને માનનીય વડાપ્રધાનશ્રીને એક વર્ષમાં અઢાર જન્મદિન આપે ! મહિનામાં દોઢ - લગભગ દર વીસ દિવસે એક જન્મદિવસ ઉજવાય તો કોરોનાથી છૂટકારો મળે ! દેશના તમામ જ્યોતિષીઓ આપણા કાબૂમાં હોવા છતાં, કોઈ પણ વ્યક્તિને વર્ષના એકથી વધુ જન્મદિવસ મળતા જ નથી ? ખેર.

Registered under No. Guj.Guj/2006/25490 "Primitted to PSO at Ahmedabad Published & Post on 10th of Every Month under Postal Reg. No. GAMC-1565/2019-2021 Issued by SSP Ahd Valid upto 31-12-2021. ISSN 0971-6629.

# પાટલીની પેલે પાર

vaghelarimmi@gmail.com

રિમ્મી વાઘેલા

આજે હું એક મારા જ અનુભવની વાત કરું. મારો એલ.એલ.એમ.માં અભ્યાસ ચાલુ છે. દરમિયાન મેં અમદાવાદની જ એક ખાનગી યુનિવર્સિટીમાં પીએચ.ડી. પ્રવેશ પરીક્ષા માટે ફોર્મ ભર્યું હતું. હવે આ પરીક્ષા કેવી હતી, તેની થોડીક વાત કરું.

આમ, તો અત્યાર સુધી હું ચારેક યુનિવર્સિટીની પીએચ.ડી. માટેની પ્રવેશ પરીક્ષા પાસ કરી ચૂકી છું. પરંતુ દરેક સમયે કોઈને કોઈ કારણસર મેળ પડ્યો નથી. આ ખાનગી યુનિવર્સિટીની ફી અન્ય સંસ્થાની સરખામણી મને પરવડે એમ હતી. એટલે એમાં પ્રવેશ પરીક્ષા માટે ફોર્મ ભરવાની હિંમત કરી શકાઈ. જે વિષયના વિકલ્પો આપેલા હતા, તેમાં ઇન્ટરડિસિપ્લિનરી વિષયમાં જે વિદ્યાર્થીઓ સંશોધન કરવા માંગતા હોય તે પણ ફોર્મ ભરી શકે તેવી જોગવાઈ હતી. એટલે જ ઇન્ટરડિસિપ્લિનરી વિષયમાં મેં ફોર્મ ભર્યું. એવી સમજણ સાથે કે સંશોધન પદ્ધતિ, અંગ્રેજી વ્યાકરણ, કમ્પ્યુટર અને સામાન્ય જ્ઞાનના હેતુલક્ષી પ્રશ્નો ઇન્ટરડિસિપ્લિનરી વિષયમાં પુછાશે.

જે દિવસે મારી ઓનલાઇન પરીક્ષા હતી. એની આગલી સાંજે મારા પર યુનિવર્સિટીમાંથી ફોન આવ્યો કે; "અમે ઇન્ટરડિસિપ્લિનરી વિષયમાં પ્રશ્નપત્ર તૈયાર કર્યું નથી. તો તમને કયા વિષયની પરીક્ષા માટેની લીંક મોકલી આપીએ ?" હું તો વાત સાંભળીને પહેલાં તો ડઘાઈ ગઈ. પછી સ્વસ્થતા કેળવીને જણાવ્યું કે, "તો મને ઓનલાઈન પરીક્ષા માટેની લીંક મોકલવાની જરૂર નથી. કારણ કે અન્ય કોઈ વિષયમાં મારી કોઈ સમજણ નથી." ઇન્ટરડિસિપ્લિનરી વિષય સિવાય કોમર્સ, મેનેજમેન્ટ, આઇટી, ફેશન ડિઝાઇનિંગ વગેરે જેવા વિષયો વિકલ્પમાં હતા. આમાંથી એક પણ વિષયમાં મારું થોડુંઘણું પણ જ્ઞાન નથી. જો કે મારો જવાબ સાંભળીને એમણે મને ફોન ઉપર ઘણું આશ્વાસન આપ્યું અને બહુ પ્રમાણિકપણે (!) કહ્યું કે, "અમારી પ્રવેશ પરીક્ષા સાવ સરળ રહેશે. એટલે તમે પરીક્ષા ના આપવાનો નિર્ણય ના કરશો." છેવટે મેં એમને જે વિષય ઠીક લાગે એ વિષયની પરીક્ષા માટેની લીંક મોકલી આપવા કહ્યું.

હવે આ પરીક્ષા પણ પરીક્ષા કહેવાને લાયક ન હતી. જે દિવસે પરીક્ષા હતી તે દિવસે બપોરે બાર વાગ્યે મને google form માં પરીક્ષા માટેની લીંક મોકલવામાં આવી. હવે આ google form એ ઓન લાઇન પરીક્ષાનું માધ્યમ ના હોઈ શકે. કારણ કે એમાં તો કોઈ પણ વ્યક્તિ આરામથી ચોરી કરીને પરીક્ષા આપી શકે. કારણ કે જો ગૂગલ ફોર્મમાં પરીક્ષા લેવાતી હોય તો તે સાવ સરળ છે. પ્રશ્ન સીધે સીધો ગુગલના સર્ચ એન્જિનમાં ટાઈપ કરીએ. એટલે સીધો જવાબ મળી જાય. મને મેનેજમેન્ટના વિષયની લીંક મોકલવામાં આવી હતી. અલબત્ત સંશોધન પદ્ધતિ અને મેનેજમેન્ટ વિષયમાં તર્ક અને સામાન્ય બુદ્ધિથી જે જવાબો સાચા પડ્યા તેના આધારે પ્રવેશ પરીક્ષામાં તો પાસ થઈ પણ જવાયું. પણ હું પોતે જાણું છું કે આ પ્રકારની પ્રવેશ પરીક્ષાનો કોઈ અર્થ નથી.

પરીક્ષા પાસ કર્યા બાદ રિસર્ચ ડેવલપમેન્ટ કમિટી સામે રિસર્ચ પ્રપોઝલની સાથે ચર્ચા ગોઠવાયેલી હતી. એ પણ ઓનલાઈન જ હતી. પ્રમાણિકતાથી સ્વીકારું તો મારી રજૂઆત ઘણી ખરાબ રહી હતી. કારણ કે મોટા ભાગનું મારા વિષયની બહારનું હતું. અને મને એવું લાગ્યું કે ઇન્ટરવ્યૂ લેનાર ફેકલ્ટી મેમ્બર, કોમર્સ કે મેનેજમેન્ટ વિષયના હતા. પણ અઠવાડિયા પછી એનાં પરિણામ જાહેર થયાં તો એમાંય પાસ થઈ જવાયું.

આ કિસ્સો જણાવવા પાછળનો ઉદ્દેશ એક જ છે કે પી.એચ.ડી જેવા અભ્યાસક્રમોમાં પ્રતિષ્ઠિત ગણાતી યુનિવર્સિટીઓમાં પણ કેવી લોલમલોલ ચાલે છે ! જ્યારે પ્રવેશ ફોર્મ ભરાઈ રહ્યાં હતાં ત્યારે મારો ઘણો ઉત્સાહ હતો. પણ પ્રવેશની આખી પ્રક્રિયામાંથી પસાર થયા બાદ મન માન્યું નહીં. કદાચ મેં ત્યાં પ્રવેશ લીધો હોત તો ખૂબ સરળતાથી મારું સંશોધન કાર્ય પૂરું પણ થઈ શક્યું હોત. કારણ કે ખાનગી યુનિવર્સિટીઓ, વિદ્યાર્થીઓની સંખ્યા, સંશોધનની સંખ્યા વધુ બતાવીને પોતાનો ગ્રાફ ઊંચો દર્શાવવા માગે તેમાં કોઈ નવાઈ નથી. પણ કોરોના મહામારીમાં મોટા ભાગની પરીક્ષાઓ આ જ રીતે કોઈ પણ પ્રકારના ધારાધોરણ વગર જ લેવાઈ અને ધારાધોરણ વગરનાં પરિણામોના આધારે જ આગળનાં વર્ષોમાં પ્રવેશ પણ નક્કી થયો. એમાં કેટલાય વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે બહુ મોટું જોખમ પણ ઊભું થયું છે કે જેનાં પરિણામ કદાચ આપણને આવનારા દિવસોમાં જોવા મળશે. ❑

❑ Publisher, Editor and Printer : Dr. Rohit Shukla, on behalf of 'Drishti Foundation', 345, Saraswatinagar, Nr. Azad Society, Ahmedabad-15 * E-mail : shuklaswayam345@gmail.com, chandrikaprintery@gmail.com
❑ Printing at : Chandrika Printery, 19, Ajay Estate, Dudheshwar, Ahmedabad. Phone : 25620578

ISSN 0791-6041 / 0976-2086

વર્ષ : ૫૪, અંક : ૯ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૧ છૂટક નકલ : મૂલ્ય રૂ. ૩૦

# અર્થસંકલન

## અર્થશાસ્ત્ર અને વાણિજ્યનું પ્રમુખ ગુજરાતી સામયિક

સળંગ અંક ૬૨૧


| | | |
|---|---|---|
| પાન ૩ | સંપાદકીય | પ્રો. અનિલ સોનેજી |
| પાન ૫ | આર્થિક સામ્રાજ્યવાદ | પ્રો. એસ. બી. વોરા |
| પાન ૭ | સૌરાષ્ટ્રમાં મગફળીનો પાક : APYનાં પરિવર્તનો | પ્રો. ડૉ. આર. કે. વારોતરિયા |
| પાન ૧૧ | અર્થશાસ્ત્ર અને વાણિજ્ય ક્ષેત્રે ઉભરતા વલણો અને તનાવ સંચાલન | પ્રો. ડૉ. સુરેશ ઉપાધ્યાય |
| પાન ૧૫ | ISO–ઈન્ટરનેશનલ ઓર્ગેનાઈઝેશન ફોર સ્ટાન્ડર્ડાઈઝેશન | પ્રો. ડૉ. ધીરેન વંડ્રા |
| પાન ૧૭ | Covid-19 અને e-buying | પ્રા. ડૉ. જાગૃતિ કે. ધડુક |
| પાન ૧૯ | ભારતમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ઈન્ડેક્સ : એક વિહંગાવલોકન | ડૉ. તપન ભટ્ટ |
| પાન ૨૫ | MSME અને ઈ-કૉમર્સ | શ્રી રતાભાઈ રોજાસરા |


■ અર્થસંકલન પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટનું પ્રકાશન ■

भद्रं नो अपि वातय मनः ॥

ऋग्वेद १०-२०-१

# અર્થસંકલન

અર્થશાસ્ત્ર અને વાણિજ્યનું પ્રમુખ ગુજરાતી સામયિક

વર્ષ : ૫૪ | અંક : ૯

**: સંપાદક-મંડળ :**

પ્રો. એસ. બી. વોરા
(સ્થાપક/કાર્યવાહક સંપાદક)

પ્રો. અનિલ સોનેજી
(સહ-સંપાદક)

**: કાર્યાલય :**

C/o. પ્રો. એસ. બી. વોરા
બી-૩૧, પાર્થ ફ્લેટ્સ, ત્રીજે માળે,
સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,
રેડક્રોસ બ્લડ બૅંક સામેની ગલી,
ગુજરાત સોસાયટી, અમદાવાદ-૭

**: લવાજમ દર :**

વાર્ષિક લવાજમ રૂ. ૨૦૦-૦૦ (સંસ્થાઓ માટે)
વાર્ષિક લવાજમ રૂ. ૧૮૦-૦૦ (વ્યક્તિઓ માટે)
વાર્ષિક લવાજમ રૂ. ૨,૦૦૦-૦૦ (પરદેશ માટે)

**ગ્રાહકો, વાચકોને ખાસ સૂચના કે અર્થસંકલનમાં છપાતા લેખ વિશેની સંપૂર્ણ જવાબદારી જે તે લેખકની છે. અર્થસંકલનની નહીં.**

– કાર્યવાહક સંપાદક

**: લેખ મોકલવા માટેનું સરનામું :**

C/o. પ્રો. અનિલ સોનેજી
૧૪, શ્રીનાથકૃપા સોસાયટી, સરદાર પટેલ હાઈસ્કૂલ પાસે,
મણિનગર, અમદાવાદ ૩૮૦ ૦૦૮

સંપાદકીય

# પાછલી અસરથી કરવેરાની વસૂલાત

પ્રો. અનિલ સોનેજી

તાજેતરમાં ભારત સરકારે એવો નિર્ણય કર્યો છે કે પાછલી અસરથી કરવામાં આવતી કરવેરાની વસૂલાતની પ્રથા બંધ કરવામાં આવશે. આ નિર્ણયને પરિણામે કેટલીક મોટી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કંપનીઓ ઉપર સરકારે જે પાછલી અસરથી અબજો રૂપિયાના કરવેરા વસૂલ કર્યા છે તે રકમ તે તે કંપનીઓને પાછી આપવામાં આવશે અને કદાચ વ્યાજસહિત પરત કરવામાં આવશે. અહીં કદાચ એવો પ્રશ્ન થાય કે આવો સ્તુત્ય નિર્ણય કરવામાં શા માટે આટલો બધો વિલંબ થયો ? આ પ્રશ્નનો જવાબ એ છે કે તેની પાછળ કેટલાક રાજકીય પરિબળો કામ કરી રહ્યા હશે. ગમેતેમ, પણ મોડે મોડે લેવાયેલો આ નિર્ણય એટલા માટે આવકારદાયક છે કે તેનાથી આંતરરાષ્ટ્રીય સમાજમાં એક એવો સંદેશો જાય છે કે એક મજબૂત સરકાર પણ રાષ્ટ્રના હિતમાં પાછા પગલાં ભરવા તૈયાર છે. જ્યારે મોટી મોટી કોર્પોરેટ હસ્તીઓ મૂડીરોકાણ કરે છે ત્યારે તેમનો મુખ્ય ઉદ્દેશ નફો કરવાનો હોય છે અને આવું મૂડીરોકાણ કરતી વખતે તેઓ કરવેરાની સરકારી નીતિમાં રહેલા સ્થિરતા અને અનુમાનિયતાના મુદ્દાઓ લક્ષમાં લે તે સ્વાભાવિક છે. સરકારના આ નિર્ણયને પરિણામે વૈશ્વિક મૂડીરોકાણકારોમાં એક વિધાયક સંદેશો પહોંચ્યો છે અને તેઓને એવો ભરોસો મળ્યો છે કે ભારત સરકાર કાયદાના શાસનમાં માને છે અને યેન કેન પ્રકારેણ માત્ર મોટી કંપનીઓ પાસેથી નાણાં પડાવવાની તેની નેમ નથી. ૨૦૧૯માં ભારત સરકારે કોર્પોરેટ ટેક્સ ઘટાડ્યો તેને લીધે વિદેશી કંપનીઓ માટે ભારતમાં રોકાણ કરવાનું વધારે આકર્ષક બન્યું છે. જીએસટીની માસિક આવકમાં પણ છેલ્લા કેટલાક મહિનાઓથી વધારો થઈ રહ્યો છે તે પણ કરસુધારણાની નીતિનું પરિણામ જણાય છે. જીએસટીના કાયદાઓમાં રહેલી કેટલીક છટકબારીઓને પૂરી દેવામાં આવી છે તે એક સ્તુત્ય પગલું છે. કરસુધારણાની એક વ્યાપક પ્રક્રિયા ભારતમાં ચાલી રહી છે અને વ્યક્તિગત આવકવેરામાં પણ કેટલાક ઇચ્છનીય સુધારાઓ કરવામાં આવી રહ્યા છે. ભારતમાં વ્યાજના દર નીચા જઈ રહ્યા છે ત્યારે વ્યાજની આવક ઉપર નાખવામાં આવતા કરવેરા વિશે પણ પુનર્વિચારણા કરવાની જરૂર છે. ખાસ કરીને મધ્યમ વર્ગના લોકો અને નિવૃત્ત થયેલા લોકો માટે વ્યાજની આવક મહત્ત્વની હોવાથી આ મુદ્દો વિચારવો ખૂબ જ જરૂરી બની ગયો છે. ■

Date of Pulication 21st Posted on Every Month
ISSN 2347-2448
છૂટક કિંમત : ₹ 30.00
પુસ્તક 167મું, સપ્ટેમ્બર 2021, અંક : 9

# બુદ્ધિપ્રકાશ

સ્થાપનાં વર્ષ ૧૮૫૪

તંત્રી : કુમારપાળ દેસાઈ
સંપાદક : રાજેન્દ્ર પટેલ । સુભાષ બ્રહ્મભટ્ટ

20
22.9.21



આર્થર મિલર સાથે



પૃથ્વીરાજ કપૂર સાથે




બી.બી.સી. ઑફિસ લંડન



વેણીભાઈ પુરોહિત સાથે

## શતાબ્દી-સ્મરણ

સૂચના

- આ માસિકનો અંક દર અંગ્રેજી માસની 21મી તારીખે બહાર પડે છે.
- પ્રસિદ્ધ થયેલા લેખો, નોંધો અને અભિપ્રાયો માટેની જવાબદારી જે તે લેખકની રહેશે.
- માસિકની રવાનગી, વ્યવસ્થા, લવાજમ તેમ જ જાહેરખબર અંગે પત્રવ્યવહારનું સરનામું :

  ગુજરાત વિદ્યાસભા, શ્રી એચ. કે. કૉલેજ કૅમ્પસ, આશ્રમ રોડ, અમદાવાદ-380 009 ફોન : 26582088
- લેખ અંગે સંપાદકો સાથે પત્ર-વ્યવહારનું સરનામું : 'બુદ્ધિપ્રકાશ' C/0 શ્રી હ. કા. આર્ટ્સ કૉલેજ, આશ્રમ રોડ, અમદાવાદ-380009

  buddhiprakash1850@gmail.com

  આ અંકથી લવાજમ ભરવા તથા દાન માટે બૅંકની વિગત

  બૅંક : Bank of India

  એકાઉન્ટ નં. : 200010100054785

  IFSC code : BKID0002002

  છૂટક નકલ રૂ. 30

  વાર્ષિક લવાજમ રૂ. 300

  ત્રણ વર્ષ માટે રૂ. 800

  પાંચ વર્ષ માટે રૂ. 1200

  શુભેચ્છક રૂ. 11,000

  સંવર્ધક રૂ. 21,000

  ચેક 'ગુજરાત વિદ્યાસભા'-ના નામનો મોકલવો. નેટ બૅંકિંગ દ્વારા મોકલવામાં આવેલી રકમની જાણ અવશ્ય કરવી અને યુટીઆર નંબરની જાણ કરવી.
- અંક દીઠ જાહેરખબરના દર

  પાછલું પૂઠું 1000 રૂપિયા

  અંદરનું પૂઠું 750 રૂપિયા

  આખું પાનું 650 રૂપિયા

  અડધું પાનું 300 રૂપિયા

લેખકોને ખાસ વિનંતી

- અપ્રકાશિત સાહિત્યકૃતિ જ સ્વીકાર્ય છે. એક માસની અંદર જવાબ ના મળે તો કૃતિ અસ્વીકૃત છે તેમ સમજવા વિનંતી.

ગુજરાત વિદ્યાસભા

# બુદ્ધિપ્રકાશ

પુસ્તક 167મું | સપ્ટેમ્બર 2021 | અંક : 8

## અનુક્રમણિકા


મડિયાની વિવેચનપ્રવૃત્તિ-સમીક્ષા સિદ્ધાંત અને સમજણ — પ્રવીણ કુકડિયા 3
નિરંજન ભગતનાં જન્મદિન વિશેનાં કાવ્યો — શૈલેશ પારેખ 9
હરીશ મીનાશ્રુ સાથે મુલાકાત — મણિલાલ હ. પટેલ 14
ભાવનગરનાં વિજ્યાલક્ષ્મી ત્રિવેદી:
  સંવેદનશીલ કવયિત્રી(1889-1913) — ડૉ. શિરીન મહેતા 20
શ્રી મેરુસુંદર ઉપાધ્યાયના સોળ બાલાવબોધ — કુમારપાળ દેસાઈ 24
ગુજરાતના આધુનિક પત્રકારત્વના આદિપુરુષ :
  કરસનદાસ મૂળજી — યશવંત મહેતા 28
કવિતા
  રંગો — રાજેશ વ્યાસ 'મિસ્કીન' 30
  ઉભડક — રમણીક અગ્રાવત 30
  પેલી ભીંત જેવો — પ્રફુલ્લ રાવલ 31
  ભસ્મકાંડ — રામચંદ્ર પટેલ 31
  હું નથી હું — જુઆન રેમૉન હિમેનેથ, અનુ. રમણીક સોમેશ્વર 32
'બુદ્ધિપ્રકાશ'માં સંપાદનકાર્યના અનુભવો — મધુસૂદન પારેખ 33
જવા દે — કંદર્પ ર. દેસાઈ 34
'રણ' પડખું બદલતી પીડા — ધીરેન્દ્ર મહેતા 39
રાજાશાહી કે તેનાં વલણોને પોષતો
  દૈવી ઉત્પત્તિનો સિદ્ધાંત — હેમન્તકુમાર શાહ 43
સૌરાષ્ટ્રની સોહામણી સંસ્કૃતિ — વસંત ગઢવી 49
'બીજમારગી ગુપ્ત પાટઉપાસના' :
  લોકસાધનાધારાનો મૂલ્યવાન દસ્તાવેજી ગ્રંથ — દલપત પઢિયાર 53
ગુજરાતી બાળકવિતામાં એક આહ્લાદક ઉમેરણ — રમણ સોની 57
મિત્ર હો તો આવો ! — ઉદયન ઠક્કર 61
નવસર્જકો માટે મહત્વની વાત... — રાજેન્દ્ર પટેલ 64


ગુજરાત વિદ્યાસભા વતી પ્રકાશક અંબરીષ એસ. શાહ, ગુજરાત વિદ્યાસભા, શ્રી એચ. કે. કૉલેજ કૅમ્પસ, આશ્રમ રોડ, અમદાવાદ-380009 • ફોન : 26582088 • E-mail : buddhiprakash1850@gmail.com • મુદ્રણસ્થાન : ભગવતી ઑફસેટ, સી/16, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004 • M. 9825326202. • ટાઇપસેટિંગ : શારદા મુદ્રણાલય, 201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-380006 • ફોન : 26564279

AUGUST 28, 2021

Vol LVI No 35

₹ 120

# Economic&PoliticalWEEKLY

A SAMEEKSHA TRUST PUBLICATION

www.epw.in

**EDITORIAL**

- Government and Labour: Return of Dialogue?

**COMMENT**

- India's Afghan Policy: Challenges and Anxieties

**FROM THE EDITOR'S DESK**

- Social Criticism and Nation-building

**LAW & SOCIETY**

- Contextualising 'Wages for Housework' for Indian Society and Digitalising Economy

**COMMENTARY**

- Biofortification: Associated Costs and Alternatives?
- New IT Rules, 2021
- COVID-19 and IPR Waiver
- Two-child Norm: Curtailing Welfare, Weaponising Demography

**BOOK REVIEWS**

- *Animosity at Bay: An Alternative History of the India–Pakistan Relationship, 1947–52*
- *In the Shadows of Naga Insurgency: Tribes, State, and Violence in Northeast India*

**PERSPECTIVES**

- Why Should the Marital Rape Exception be Removed?

**SPECIAL ARTICLES**

- Dividend Behaviour of Indian Companies post Macroeconomic Policy Shock
- Impact of Leverage on Firms' Investment
- 'Bourgeois View': Space in Assamese Literature, 1910s–1950s

**CURRENT STATISTICS**

**POSTSCRIPT**

## Uttar Pradesh Population Bill

Punitive approaches represent a profound misunderstanding of the relationship between population and development, ending up harming the marginalised groups and weaponising demography for communal agenda. page 23

## Marital Rape and Penal Laws

Marital rape cannot be simply homogenised with the broader category of rape and should be criminalised under the ambit of Section 376(2), which deals with rape by persons in authority or in a fiduciary relationship. page 33

## Patent Waivers on Medical Products

The government's standpoint of not using the compulsory licensing provision to override intellectual property rights for COVID-19 vaccines and medicines casts a shadow on future optimality of utilising the IPR waiver. page 19

## Implications of New IT Rules

The new IT rules seem to skew the delicate balance of powers between the various stakeholders in digital universe, in favour of the state. page 16

## Spatiality and Class

The conception of the social nature of space vis-à-vis highlands and plantations in Assam is explored through an engagement with two literary texts. page 54

Economic&PoliticalWEEKLY
ISSN 0012-9976
Ever since the first issue in 1966,
EPW has been India's premier journal for
comment on current affairs
and research in the social sciences.
It succeeded *Economic Weekly* (1949–1965),
which was launched and shepherded
by SACHIN CHAUDHURI,
who was also the founder-editor of EPW.
As editor for 35 years (1969–2004)
KRISHNA RAJ
gave EPW the reputation it now enjoys.

EDITOR
GOPAL GURU

SENIOR ASSISTANT EDITOR
INDU K

COPY EDITOR
JYOTI SHETTY

ASSISTANT EDITORS
NACHIKET KULKARNI
ROHAN DOMINIC MATHEWS
IMTIAZ QUADRI

EDITORIAL ASSISTANT
MALVIKA SHARAD

CHIEF FINANCE OFFICER
J DENNIS RAJAKUMAR

PRODUCTION
SUNEETHI NAIR

CIRCULATION
KULDEEP NAWATHE

ADVERTISEMENT MANAGER
KAMAL G FANIBANDA

GENERAL MANAGER & PUBLISHER
GAURAANG PRADHAN

EDITORIAL: edit@epw.in

CIRCULATION: circulation@epw.in

ADVERTISING: advertisement@epw.in

ECONOMIC & POLITICAL WEEKLY
320–322, A TO Z INDUSTRIAL ESTATE
GANPATRAO KADAM MARG, LOWER PAREL
MUMBAI 400 013
PHONE: (022) 4063 8282

EPW RESEARCH FOUNDATION
EPW Research Foundation, established in 1993, conducts research on financial and macro-economic issues in India.

DIRECTOR
J DENNIS RAJAKUMAR
C 212, AKURLI INDUSTRIAL ESTATE
KANDIVALI (EAST), MUMBAI 400 101
PHONES: (022) 2887 3038/41
epwrf@epwrf.in

SAMEEKSHA TRUST
(Publishers of *Economic & Political Weekly*)
BOARD OF TRUSTEES
DEEPAK NAYYAR, CHAIRMAN
SHYAM MENON, MANAGING TRUSTEE
ANDRÉ BÉTEILLE, D N GHOSH,
DEEPAK PAREKH, ROMILA THAPAR,
RAJEEV BHARGAVA, DIPANKAR GUPTA,
N JAYARAM, SUDIPTO MUNDLE

Printed and published by Gauraang Pradhan, for and on behalf of Sameeksha Trust and printed at Modern Arts and Industries, 151, A-Z Industrial Estate, Ganpatrao Kadam Marg, Lower Parel, Mumbai–400 013 and published at 320–322, A-Z Industrial Estate, Ganpatrao Kadam Marg, Lower Parel, Mumbai–400 013
Editor: Gopal Guru (Editor responsible for selection of news under the PRB Act)



## Providing Relief to Domestic Workers

The number of domestic workers has been increasing rapidly in India in recent decades to around 30 million, but more recently, COVID-19 restrictions led to a sudden reduction in their work opportunities and also increased their economic problems greatly.

Domestic workers in India constitute a highly vulnerable section of workers. An overwhelming majority of them are women and girls. A significant number of them are single mothers. A majority of them are migrants. Hence, from various points of view, domestic workers have high vulnerability and have higher need for protection; a need which has increased in COVID-19 times.

The National Platform for Domestic Workers (NPDW) and various other organisations for domestic workers have therefore raised their demands with a new urgency in recent times. These efforts reveal the pressing need for a four-pronged urgent intervention by the government to help millions of domestic workers.

First, there is need for overdue protective comprehensive legislation for the welfare of domestic workers. The NPDW has helped to formulate a draft of such legislation, which is in keeping with the various important provisions of the International Labour Organization Convention 189. This convention is known to have taken care of incorporating essential protective provisions which should be retained, while also taking into account the practical aspects of local realities. Some senior activists working on this issue have been highlighting that state laws are not adequate and a national-level law enacted by the union government is needed as, in many places, most of the domestic workers are migrant workers who move or have moved across their home state for their employment.

Second, apart from an effective national law, immediate relief is also needed by domestic workers. This can be in the form of a lump sum cash payment to take care of the pressing needs of domestic workers, often resulting from the fact that they were without work and wages for several weeks at a stretch. Free dry rations of a larger quantity and for a more extended period of time can also be very useful.

Third, registeration of all domestic workers should be initiated in various parts of the country. This process should be made simple, keeping in view their constraints.

Last but not the least, overall work prospects should be improved in urban areas in various ways. One possible step, which has been often discussed in recent times, is to introduce an urban employment guarantee scheme, or an extension of the rural employment guarantee scheme to urban areas in ways that will work in cities and towns. Practical formulations of such a scheme have been introduced and circulated in recent times. In the particular context of domestic workers, what is important is that such schemes may provide their household members additional work opportunities which will be useful particularly in lean times or during periods of loss of regular jobs.

All aspects of this four-point approach should be considered and adopted to provide relief and security to domestic workers and to help them to tide over exceptionally difficult times.

**Bharat Dogra**
NEW DELHI

**Note to Readers**

Dear Readers,

We have made some changes to our online access policy.

Starting 2 January 2021, the full text of the content published in the *Economic & Political Weekly* will be available to read on the website only for paid subscribers. However, the editorials and "From the Editor's Desk" column in the latest issue each week, and all content on Engage will continue to be free for all to access.

We hope that you will support the *Economic & Political Weekly* by purchasing a subscription plan. Details can be found here: https://www.epw.in/subscribe.html


JOURNAL OF PSYCHOLOGY FOR LEARNING AND RESEARCH

ISSN No. 2229 - 3477

# GUJARAT MANOVIGYAN DARSHAN

Ψ VOL. 41 ISSUE No. 46 JAN. - MRC. 2021 Page 40 Price: ₹ 500/-

**Chief Editor**
**S. C. Kanawala**
**Dr. R. S. Kanawala**





## SANT KABIR

(1440-1519 AD)

GUJARAT ACADEMY OF PSYCHOLOGY ESTB:2002 AHMEDABAD

**Place of Publication:** 53, Tulasi Twin Bunglows, Jodhpur Village Road,Ahmedabad-380015

***JOURNAL OF PSYCHOLOGY & EDUCATION***

4
17.8.21

229-3477


# GUJARAT MANOVIGYAN DARSHAN

## JOURNAL OF PSYCHOLOGY & EDUCATION

**Chief Editor : Prof. S.C.Kanawala**

ISSN No. 2229-3477



**Editorial Board :**

**Dr. B. A. Parikh,** Ex. Vice- Chancellor, Veer Narmad S. GUj. Uni. .surat

**Prof. Vijaya Laxmi Chouhan,** Retired Prof. & Head Deptt. of Psychology, M.L.S. Uni. Udaipur

**Dr. Shraddha B. Rai**, Head, Deptt. of Psychology, S.V. Arts College, Ahmedabad


**Vol:41 Issue No.:46 JAN- MAR. - 2021**


| | | |
|---|---|---|
| ડૉ. નવીન પટેલઃ સેવા કાર્યો | | ૨ |
| SANT KABIR (1440 – 1519 AD) | Written and Edited by S.C.Kanawala | ૩ |
| DEMENTIA : A GLOBAL HEALTH PROBLEM FOR THE AGED PEOPLE | Dr. M. K. CHAKRABARTI | 28 |
| સંતોનાં પદોમાં રહસ્યવાદ - યોગાચાર્ય સ્વામી રાજર્ષિ મુનિજીના ભજન સંદર્ભે | ડૉ. શૈલેષ સોલંકી<br>ભૂમિકા સુથાર | ૩૦ |
| સ્વામી રાજર્ષિમુનિનાં ભજનોમાં જ્ઞાનયોગ | પૂજાબા જાડેજા | ૩૨ |
| તરૂણોની સુખાકારીમાં માતા-પિતા અને શિક્ષકોની ભૂમિકા | ડૉ. શ્રદ્ધા રઘુવંશી<br>ડૉ. પ્રચી શાહ<br>રેખા રાવલ | ૩૫ |
| ડૉ. કોઠારીની સર્જનાત્મક શક્તિની કસોટી | | ૪૦ |



**PUBLICATIONS IN GUJARATI BOOKS**

| | | Price |
|---|---|---|
| (1) | Abraham Maslow : Life & Work<br>Author : Dr. Harshida Ramu Pandit | 200 = 00 |
| (2) | Wilhelm Wundt : Lite & Work<br>Author : Prof. S.C. Kanawala | 100 = 00 |
| (3) | Sigmund Freud<br>Author : Prof. S.C. Knaawala | 100= 00 |
| (4) | J.B.Watson<br>Author : Prof. S.C. Knaawala | 100 =00 |
| | Total | 500 = 00 |

Send your M.O. of Rs. Total Rs.500 /-

**Address : Director : Gujarat Academy of Psychology,**

**53, Tulasi Twin Bunglows, Jodhpur Village Road, Sattelite Area , Ahmedabad-380015**

**Tel No. (M) 09426603141, 09499514250 E-mail : sckanawala@gmail.com**


ISSN : 2320-8872
UGC Care List No. 184

# લોકગુર્જરી

સળંગ અંક : એકસઠ

(ત્રૈમાસિક : દસમું વર્ષ, બીજો અંક, સપ્ટેમ્બર-૨૦૨૧)

સંપાદક : ડૉ. બળવંત જાની




શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫



**'Lok Gurjari-61'**
Quartely Journal of Oral Traditional folk Literature of Gujarat
Edited by Dr. Balvant Jani, Published by 'Shri Jhaverchand Me
Loksahitya Kendra' and Gujarat Sahitya Academy,
Gandhinagar-382 017

**ISSN : 2320-8872**

પ્રકાશન : દસમું વર્ષ, બીજો અંક, સપ્ટેમ્બર-૨૦૨૧

પ્રત : ૩૦૦

પૃષ્ઠ : ૨૦+૧૪૦ = ૧૬૦

મૂલ્ય : છૂટક કિંમત રૂ. ૫૦-૦૦

(વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫૦, દસ વર્ષનું લવાજમ રૂ. ૧૦૦૦
સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સ્વર્ણિમ સ્થાપનાવર્ષ નિમિત્તે લવાજમમાં ઘટ

પ્રકાશક :
**ડૉ. જે. એમ. ચંદ્રવાડિયા**
માનદ નિયામક,
શ્રી ઝવેરચંદ મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ-૫

મુદ્રક :
**ક્રિષ્ના ગ્રાફિક્સ**
૯૬૬, નારણપુરા જૂના ગામ, નારણપુરા,
અમદાવાદ-૩૮૦૦૧૩
ફોન : ૯૮૯૮૬૫૯૯૦૨

ISSN : 2447-2394-0964

વર્ષ ૧૦૦
અંક ૬

સપ્ટેમ્બર - ૨૦૨૧

કિંમત ₹ ૪૦-૦૦

# નવચેતન

સંસ્થાપક : સ્વ. ચાંપશી ઉદેશી    તંત્રી : હેમંત શાહ    સંપાદક : યશવન્ત મહેતા

## હાસ્યાંક



**નવચેતન**
વર્ષ : ૧૦૦ અંક : ૬
સપ્ટેમ્બર ૨૦૨૧
સળંગ અંક : ૧૧૮૬



સંસ્થાપક : સ્વ. ચાંપશી ઉદેશી



સંવર્ધક : સ્વ. મુકુંદ પ્રા. શાહ

તંત્રી : હેમંત મુ. શાહ
મો. ૯૮૭૯૧ ૪૭૯૩૩

સંપાદક : યશવન્ત મહેતા
મો. ૯૪૨૮૦ ૪૬૦૪૩

પ્રકાશન-સૌજન્ય
શ્રી જિજ્ઞેશભાઈ શાહ, મુંબઈ

લવાજમ
છૂટક કિંમત : રૂ. ૪૦
વાર્ષિક લવાજમ : રૂ. ૪૦૦
પરદેશ એરમેઈલથી : રૂ. ૩૦૦૦
'નવચેતન કાર્યાલય'ને નામે ચેક લખવો.

માલિક, મુદ્રક, પ્રકાશક
હેમંત મુ. શાહ
રજિ. નવચેતન કાર્યાલય
૬૧-એ, નારાયણનગર સોસાયટી,
જયભિખ્ખુ માર્ગ, પાલડી,
અમદાવાદ - ૩૮૦ ૦૦૭
e-mail : navchetan1922@gmail.com



ગ્રંથાલય
પૂ. નં. ..........

ચાંપશીભાઈ ઉદેશી

# એક ઉપેક્ષિત સમાજસેવા

દેશકાળ અનુસાર સમાજમાં પરિવર્તનો આવતાં જ રહે છે. સામાજિક વહેણો સમયાનુસાર બદલાતાં જ રહે છે. વ્યક્તિને જેમ પોતાનું માનસ હોય છે તેમ દરેક સમાજને પણ પોતાનું એક વિશિષ્ટ માનસ હોય છે, જે યુગપરિબળોની અસર હેઠળ ઘડાતું અને પલટાતું રહે છે.

સામાજિક દૃષ્ટિએ જોઈએ તો ભારતમાં અત્યારે ત્રિશંકુ જેવી સ્થિતિ પ્રવર્તે છે. સમાજને ઘડનારાં અને અવલંબન આપનારાં જૂનાં પરિબળો નાશ પામ્યાં છે અને એમને સ્થાને જે નવાં પરિબળો આવ્યાં છે તે અધકચરાં છે અને નિર્બળ છે. એ પરિબળોના મૂળમાં ભારતીય સંસ્કૃતિ દેખાતી નથી. પૂર્વકાળે 'સમાજ' એ તો એક જબરું શાસક અને નિયંત્રક બળ હતું. પણ અત્યારે તો વ્યક્તિસ્વાતંત્ર્યના ઓઠા હેઠળ પ્રત્યેક વ્યક્તિ સમાજના લેશમાત્ર ભય વિના પોતાની ઇચ્છાનુસાર આચરણ કરી શકે છે. સાચું પૂછો તો 'સમાજ' જેવું હવે કશું રહ્યું જ નથી ! અધૂરામાં પૂરું ભારતમાં લોકશાહી આવતાં ભારતીય વ્યક્તિની સ્વચ્છંદતા પૂર્ણતઃ ફૂલીફાલી છે અને અત્યારે તો ભારતીય વ્યક્તિની સ્થિતિ લગામ વિનાના ઘોડા જેવી કે બ્રેક વિનાની મોટર જેવી છે.

આધુનિક સામાજિક પરિબળોમાં એક મહત્ત્વનું પરિબળ એ 'સિનેમા' છે. એ એક સામાજિક પરિબળ છે એ સત્ય દુર્ભાગ્યે આપણા સામાજિક કાર્યકરો તથા સમાજસેવકોના લક્ષમાં આજ સુધી આવ્યું નથી ! મોટે ભાગે 'સિનેમા' એ બે ઘડીક આનંદનું સાધન છે એવી માન્યતા જ પ્રવર્તતી હોવાથી એનું સામાજિક કે નૈતિક મૂલ્ય પારખવાની કે માપવાની કોઈને સ્પૃહા સુદ્ધાં જાગતી નથી ! આપણી સરકાર અને આપણો સમાજ સિનેમાને ગમે તે માર્ગે વળવા દે છે અરે - હવે તો અશ્લીલતાનાં સમર્થક પણ ! પરિણામ એ આવ્યું છે કે અત્યારનાં આપણાં ચલચિત્રો નૈતિક મૂલ્યોને ઠોકરે મારનારાં તેમજ સ્વચ્છંદતા, વિલાસ તથા 'ભાગેડુવૃત્તિ'ને પોષનારાં બની ગયાં છે - અરે ! હવે તો અશ્લીલતાનાં સમર્થક પણ બની ગયાં છે! સામાજિક પવિત્રતા, સામાજિક શાસક બળ તથા સામાજિક સંગઠનનો એ ચલચિત્રો જડમૂળથી નાશ કરી રહ્યાં છે.

પણ મહાદુર્ભાગ્યની વાત તો એ છે કે એવાં ચલચિત્રો સામે ઝુંબેશ ઉપાડવી એ અત્યારની એક મહાન અને સાચું પૂછો તો 'અનિવાર્ય' સમાજસેવા છે એવું આપણા એકેય સામાજિક કાર્યકરના મનમાં આજ સુધી ઊગ્યું નથી ! ઊગ્યું હોત તો વિનોબા ભાવે કે રવિશંકર મહારાજ જેવા સામાજિક કાર્યકરોએ કે ગાંધીવાદી સમાજસેવકોએ જરૂર એની સામે ઝુંબેશ ઉઠાવી હોત. અલબત્ત પ્રજાને બગાડનારાં ચલચિત્રો ન ઊતરે એ જોવાનું કામ આપણી સરકારનું છે, પણ એ વિષયમાં એ તો કુંભકર્ણની નિદ્રામાં ઘોરે છે ! પરિણામે સમાજનાં રહ્યાંસહ્યાં પવિત્ર બળનો તથા સાત્ત્વિક સત્ત્વનો જતે દહાડે નાશ થઈ જવાનો ભય ઊભો થયો છે.

